# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ અને જીલ્લા ખેતીવાડી ખાતું, દાહોદના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ કાર્યક્રમ ડૉ. કે. બી. કથીરીયા સાહેબ, માન. કુલપતીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માર્ગદશન હેઠળ યોજાયો.

આ કાર્યક્રમમાં કેવિકેના વડા, ડૉ. એચ. એલ. કાચા દ્વારા પ્રાકૃતિક ખેતીની સંભાવના અને આવનાર સમયની માંગ અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી જ્યારે શ્રી પી. આર. દવે, જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા ખેતીવાડીની વિવિધ યોજનાકીય માહિતી આપવામાં આવી હતી તેમજ શ્રી. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) એ તૃણ ધાન્ય પાકોની ખેતી પધ્ધતી અંગે તો ડૉ. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા પ્રાકૃતિક ખેતીના પાંચે પાંચ આયમો ખેડૂતો અપનાવે એવી અપીલ કરી હતી. ડૉ. બી. કે. યદૂવંશી, આચાર્યશ્રી, કૃષિ ઇજનેરી પોલિટેકનિક, દાહોદ દ્વારા કૃષિ ક્ષેત્રેના વિવિધ અભ્યાસક્રમો અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ આ કાર્યક્રમનું રાષ્ટ્રીય કૃષિ મંત્રાલય દ્વારા દેશ વ્યાપી લાઇવ પ્રોગ્રામનું આયોજન કરેલ જેમાં ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી, નરેન્દ્ર મોદી સાહેબએ બેલાગવી, કર્ણાટકાથી પી. એમ. કિશાન યોજનાનો 13 મો હપ્તો દેશના આઠ કરોડથી વધારે ખેડૂતોના બેન્ક ખાતામાં સોળ હજાર કરોડ રૂપિયાથી વધારેની માતબર રકમ સીધી  ટ્રાન્સફર કરવામાં આવી હતી. સદરહું કાર્યક્રમમાં કૃષિ મંત્રીશ્રી નરેંદ્ર તોમરજીએ દેશના તમામ ખેડુતોને સરકારની વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ થકી ખેડૂતોને લાભ થયેલ જેના કારણે દેશના ખેડૂતોએ ખેતી ક્ષેત્રે ક્રાંતિકારી બદલાવ લાવ્યા છે. જેનો લ્હાવો કાર્યક્રમમાં ઉપસ્થીત ૩૩૯ જેટલા ખેડૂતભાઈઓ, મહિલા ખેડૂતો, અધિકારીઓ તેમજ વૈજ્ઞાનિકોએ લીધેલ.


પ્રાકૃતિક ખેતી
તાલીમ કાર્યક્રમ
8 करोड़ PM-KISAN
लाभार्थियों को






પ્રાકૃતિક ખેતી
તાલીમ કાર્યક્રમ








Celebrating